## બિહારમાં નીતિશ કુમારે ભાજપ સાથે છેડો ફાડતાં રાજકારણમાં ગરમાવો

# નીતિશે છેડો ફાડવા છતાં એનડીએ ફરી ૨૦૨૪માં સત્તા હાંસલ કરશે

**સર્વે પ્રમાણે જો અત્યારે ચૂંટણી યોજાય તો મોદી શાસિત ગઠબંધન ૫૪૩માંથી ૨૮૬ બેઠકો સાથે વિજયી બને, નીતિશે સાથ છોડતાં ૨૧ બેઠકોનું નુકસાન જાય**

નવી દિલ્હી, તા.૧૨

બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે ભાજપ સાથે છેડો ફાડી નાંખતા ભારતીય રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. ભાજપ સાથે છેડો ફાડ્યા બાદ નીતિશ કુમારે ૨૦૨૪ની લોકસભા ચૂંટણી માટે તમામ પક્ષોને એક સાથે આવવાની હાકલ કરી છે. જોકે, નીતિશ કુમારના જવાથી ભાજપને કંઈ ખાસ નુકસાન દેખાઈ રહ્યું નથી અને એક સર્વે પ્રમાણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાનીવાળું એનડીએ ફરીથી બહુમતી સાથે જીતીને સત્તારૂઢ થશે. ચૂંટણીમાં હવે બે વર્ષ જેટલો સમય માંડ રહ્યો છે.

ઈન્ડિયા ટૂડે મેગેઝિને પોલિંગ એજન્સી સી-વોટર સાથે કરેલા સર્વે પ્રમાણે જો અત્યારે ચૂંટણી યોજાય તો વડાપ્રધાન મોદી શાસિત ગઠબંધન ૫૪૩માંથી ૨૮૬ બેઠકો સાથે વિજયી બને. નીતિશ કુમારના પક્ષ જેડીયુએ એનડીએ સાથે છેડો ફાડ્યો તેનાથી સત્તાધારી ગઠબંધનને અગાઉ ૩૦૭ બેઠકોના અનુમાન પ્રમાણે ૨૧ બેઠકોનું નુકસાન જાય તેમ છે. ભારતીય જનતા પાર્ટીની આગેવાનીવાળા ગઠબંધન એનડીએ હાલમાં લોકસભામાં ૩૦૦થી વધુ બેઠકો ધરાવે છે. મૂડ ઓફ નેશન નામથી કરવામાં આવેલો સર્વે ફેબ્રુઆરી અને ઓગસ્ટ વચ્ચે કરવામાં આવ્યો હતો જેમાં ૧,૨૨,૦૧૬ લોકોએ ભાગ લીધો હતો. મોટા ભાગનો સર્વે નીતિશ કુમાર અને તેમની પાર્ટી જનતા દળે (યુનાઈટેડ) મંગળવારે મોદીના ગઠબંધન તોડી નાંખ્યું તે પહેલાનો છે. જો કે, એક દિવસ પછી એક તાત્કાલિક પોલ તેમના ગઠ બંધન તોડવાના તાત્કાલિક પરિણામને પ્રતિબિંબિત કરે છે. આઠ વર્ષથી વધુ સમયના કાર્યકાળ પછી વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વ્યક્તિગત સ્થિતિ તેમના રાજકીય પ્રતિસ્પર્ધીઓ પર છે ભારે પડી છે. આ સમય ગાળા દરમિયાન ભલે ભારત મોંઘવારી અને બેરોજગારી સાથે ઝઝૂમી રહ્યું હોય અને ગયા ઉનાળામાં આપત્તિજનક કોવિડ -૧૯ લહેરનો સામનો કરવો પડ્યો હોય પરંતુ વડાપ્રધાન મોદીની લોકપ્રિયતામાં કોઈ ફેર પડ્યો નથી. લગભગ ૫૩% ઉત્તરદાતાઓએ નરેન્દ્ર મોદીની આગામી વડાપ્રધાન તરીકેની તરફેણ કરી, માત્ર ૯% લોકોએ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીને સમર્થન આપ્યું અને ૭% લોકોએ આમ આદમી પાર્ટીના નેતા અરવિંદ કેજરીવાલની તરફેણ કરી હતી.

## રેવડી કલ્ચરને લઈને ભાજપ-વિપક્ષ વચ્ચે તડાફડી

# ૯૦ લાખ કરોડનું દેવું છતાં રાજ્યો દ્વારા મફતની સુવિધાની લહાણી

નવી દિલ્હી, તા.૧૨

ચૂંટણી જીતવા માટે રાજકીય પક્ષો મફતમાં વિવિધ લાભો આપવા માટેના વાયદા કરતા હોય છે અને સત્તા પર ટકી રહેવા માટે આ પ્રકારની લ્હાણી પણ કરતા હોય છે.

આ મામલો પહેલેથી જ સુપ્રીમ કોર્ટમાં છે અને તેને લઈને દેશમાં ચર્ચા પણ ચાલી રહી છે. પીએમ મોદીએ આ પ્રકારે થતી લ્હાણીઓને રેવડી કલ્ચર નામ આપ્યા બાદ ભાજપ અને વિપક્ષો વચ્ચે તેને લઈને તડાફડી પણ થઈ રહી છે. હવે સુપ્રીમ કોર્ટમાં દાખલ થયેલી એક જાહેર હિતની અરજીમાં દાવો કરવામાં આવ્યો છે કે, રાજયો પર ૩૧ માર્ચ,૨૦૨૧ના આંકડા પ્રમાણે લગભગ ૯૦ લાખ કરોડ રૂપિયાનુ દેવુ છે અને બીજી તરફ રાજયો દ્વારા મફતમાં વિવિધ સુવિધાઓ આપવાની જાહેરાતો કરાઈ રહી છે.

અશ્વિની ઉપાધ્યાયે દાખલ કરેલી પિટિશનમાં કહેવામાં આવ્યુ છે કે યુપી અને મહારાષ્ટ્ર પર અનુક્રમે ૬.૬૨ લાખ કરોડ રૂપિયા અને ૫.૩૬ લાખ કરોડ રૂપિયા દેવુ છે. આ બંને રાજયો દેવાની રીતે ટોચ પર છે.

જયારે પંજાબ પર ૨.૪૯ લાખ કરોડ રૂપિયાનુ દેવુ છે. દેવુ અને તેની સામે જીડીપીના રેશિયોની રીતે જોવામાં આવે તો પંજાબની સ્થિતિ સૌથી ખરાબ છે.

આ પિટિશનમાં કહેવામાં આવ્યુ છે કે, જે રાજકીય પક્ષો ચૂંટણી પ્રચારમાં મફતના વાયદા કરે છે તેમના ચૂંટણી પ્રતિકો પર ચૂંટણી પંચ દ્વારા રોક લગાવવાની ફરજ પાડવામાં આવે અને તેમનુ રજિસ્ટ્રેશન પણ રદ કરવામાં આવે.

આ પહેલા પણ કોર્ટે સંકેત આપ્યો હતો કે, મફતના વાયદાઓને રોકવા માટે સુપ્રીમ કોર્ટે સરકારને કેટલાક સૂચન આપી શકે છે.

## સુપ્રીમે હત્યાના મામલામાં વ્યક્તિને છોડી મુક્યો

# શંકાના આધાર પર આરોપીને દોષિત જાહેર કરી શકાય નહીં

નવી દિલ્હી,તા.૧૨

સુપ્રીમ કોર્ટે હત્યાના એક મામલામાં એક વ્યક્તિને છોડી મુકતા કહ્યું કે કોઈ આરોપીને શંકાના આધાર પર દોષિત જાહેર કરી શકાય નહીં. પછી તે શંકા ભલે ગમે તેટલી મજબૂત કેમ ના હોય. ન્યાયમૂર્તિ બી.આર. ગવઇ અને ન્યાયમૂર્તિ પી.એસ.નરસિમ્હાની બેન્ચે કહ્યું કે એક આરોપીને ત્યાં સુધી નિર્દોષ માનવામાં આવે છે જયાં સુધી તેને શંકાથી પરે દોષિત સાબિત ના કરી શકાય. બેન્ચે કહ્યું કે આ સ્થાપિત કાનૂન છે કે શંકા ભલે ગમે તેટલી મજબૂત કેમ ના હોય શંકા સાબિતીનું સ્થાન લઈ શકે નહીં. આરોપીને શંકાના આધારે દોષિત સાબિત કરી શકાય નહીં. સુપ્રીમ કોર્ટે કહ્યું કે વર્તમાન મામલામાં અભિયોજન પક્ષ તે ઘટનાની શ્રૃંખલાને સ્થાપિત કરવામાં પુરી રીતે નિષ્ફળ રહ્યું છે. બેન્ચે કહ્યું કે આ મામલામાં અમે જોઈએ છીએ કે સત્ર ન્યાયધીશ અને ઉચ્ચ ન્યાયાલયના નિર્ણય અને આદેશ ટિકાઉ નથી. સુપ્રીમ કોર્ટ પંજાબ અને હરિયાણા ઉચ્ચ ન્યાયાલયના આદેશને પડકાર આપતી એક અપીલ પર વિચાર કરી રહ્યું હતું.

## દુનિયાનું સૌથી ઘાતક લડાયક વિમાન બ્લેકજેક ખરીદવા ભારતની તૈયારી

છેલ્લા કેટલાક વર્ષોથી ચીન સાથેના ભારતના સંબંધો તનાવભર્યા રહ્યા છે અને હવે રાફેલ બાદ ચીનને જવાબ આપવા માટે ભારતે રશિયા પાસેથી ઘાતક ગણાતુ સ્ટેટેજીક બોમ્બર ટીયુ-૧૬૦ વિમાન ખરીદવા તૈયારી કરી છે અને આગામી દિવસોમાં આ અંગે સોદો નિશ્ચિત થઇ જશે. આ વિમાનને વ્હાઇટસ્વાન તરીકે ઓળખવામાં આવે છે અને નાટોએ આ વિમાનને બ્લેકજેક નામ આપ્યું છે જે રશિયા દળમાં નિર્મિત કરાઇ છે. હાલ અમેરિકા, રશિયા અને ચીન પાસે આ સ્ટેટેજીક આ એરક્રાફ્ટ છે આ બોમ્બર વિમાન તેના અવાજની ગતિથી બે ગણી ઝડપી ઉડી શકે છે તે ૫૨૦૦૦ ફુટની ઉંચાઇ પર ઉડવા સક્ષમ છે તે રડારમાં ઝડપાતું નથી. ૪૦ હજાર કિલોના બોમ્બ સાથે લઇ જઇ શકે છે. આ વિમાનની ઉંચાઇ ૧૪૩ ફુ અને લંબાઇ ૧૭૭ ફુટ અને તે ૧૨૩૦૦થી ૧૪૫૦૦ કિ.મી. સુધીમાં પ્રહાર કરી શકે છે.

## કાશ્મીર ખીણ વિસ્તારમાં ૫ થી ૬ આત્મઘાતી હુમલાખોરો મૌજુદ : આઈબીનું એલર્ટ

શ્રીનગર, તા. ૧૨

કાશ્મીરમાં ફરી આગામી સમયમાં યોજાનાર ધારાસભા ચૂંટણીને ખોરવવા માટે પાકિસ્તાનની આઈએસઆઈ એજન્સી દ્વારા એક તૈયાર કરાયેલા મોડયુલમાં આગામી સમયમાં ૧૦ મહિને ૫ થી ૬ ખુંખાર ત્રાસવાદીઓને ખીણ વિસ્તારમાં ઘુસાડવાની તૈયારી કરી છે. સુરક્ષા એજન્સી દ્વારા અપાયેલા એલર્ટમાં જણાવાયું છે કે હાલમાં જ રાજૌરીમાં ભારતીય સેનાના કેમ્પ પર જે આત્મઘાતી હુમલો થયો તે છેલ્લા એક વર્ષનો સૌથી પ્રથમ આત્મઘાતી હુમલો હતો અને હવે આ વિસ્તારમાં ૨૦ થી ૨૨ વર્ષની વયની આત્મઘાતી હુમલાખોરો મૌજુદ છે તમામ પાકિસ્તાની છે તથા તેમને વિસ્ફોટકોથી લઈ હથિયારો ચલાવવાની ખાસ તાલીમ આપવામાં આવી છે અને રાજયમાં આગામી સમયમાં યોજાનારી ધારાસભા ચૂંટણીઓને ખોરવવાનું ષડયંત્ર સાથે તેઓ આગળ વધશે.


**TIRUPATI FOAM LIMITED**

Regd. Off : "TIRUPATI" House, 4th Floor, Nr. Topaz Restaurant, University Road, Polytechnic Char Rasta,Ambawadi, Ahmedabad-380015. Gujarat, INDIA.
CIN: L25199GJ1986PLC009071. Email Id: tirufoam@tirupatifoam.com
Website: www.tirupatifoam.com, www.sweetdreamindia.com
Telephone: 26304652 I 53 I 54 I 55

**STATEMENT OF UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED ON 30/06/2022**

(Amount in Lakhs)

| | PART - I | Un-Audited Quarter ended | Un-Audited Quarter ended | Audited Quarter ended | Audited year ended |
|---|---|---|---|---|---|
| | PARTICULARS | 30/06/2022 | 30/06/2021 | 31/03/2022 | 31/03/2022 |
| 1 | Total Income from operations | 2458.35 | 1439.19 | 3077.09 | 10294.28 |
| 2. | Profit / (Loss) from operations before exceptional items | 67.22 | 4.48 | 151.40 | 253.52 |
| 2 | Profit / (Loss) from ordinary activities before Tax | 67.22 | 4.48 | 151.40 | 253.52 |
| 3 | Net Profit / (Loss) from ordinary activities after tax | 49.05 | 3.23 | 102.56 | 182.62 |
| 4 | Total Comprehensive Income for the year | 49.46 | 3.60 | 103.09 | 184.26 |
| 5 | Equity Share Capital | 440.07 | 440.07 | 440.07 | 440.07 |
| 6 | Reserves (Excluding Revaluation Reserve) as shown in the Audited Balance Sheet of the previous year) | | | | 2317.51 |
| 7 | Earnings Per Share (Face Value Rs. 10 Per Share) Basic and Diluted EPS | 1.11 | 0.07 | 2.33 | 4.15 |

**Notes:**
The above is the extract of detailed Un-Audited Financial Statements of the Quarter Ended on 30th June, 2022 filed with BSE Limited under Regulation 33 of the SEBI Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the Audited Financial Results are available with the Stock Exchange website: www.bseindia.com and also on companies' website www.tirupatifoam.com.

**Date: 12.08.2022**
**Place: Ahmedabad**

**For, Tirupati Foam Ltd**
**SD/-**
**Roshan Sanghavi**
**Managing Director**
**Din:01006989**



**લોન કલેક્શન એન્ડ રીકવરી ડિપાર્ટમેન્ટ / મુંબઈ ડિવિઝન**
**ધી ફેડરલ બેંક લિ.,**
LCRD/મુંબઈ ડિવિઝન

FEDERAL BANK
YOUR PERFECT BANKING PARTNER

**કબજા નોટિસ**

નીચે સહી કરનાર ધ ફેડરલ બેંક લિ.ના અધિકૃત અધિકારી ધી સિક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એનફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (હવે પછી કાયદો તરીકે ઉલ્લેખ પામશે) અને સેક્શન ૧૩(૧૨) હેઠળ મળેલ અધિકારોને ધ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ (હવે પછી નિયમો તરીકે ઉલ્લેખ થશે)ના નિયમ ૩ સાથે વંચાણે લેતાં હેઠળ **૧૭/૦૯/૨૦૧૯** ના રોજ ડિમાન્ડ નોટિસ મોકલી હતી જેમાં દેણદારો (૧) **શ્રીમતી વઢવાણી દુર્ગા ભોજરાદ અને સહ લેણદાર (૨) શ્રી ભોજરાજ જી વઢવાણી બંને રહેણાંક, ૩૦૫, મહારથી કો.ઓ.હાઉસીંગ સોસાયટી, સીંધી કોલોની, સરદાર નગર પાણીની ટાંકી પાસે, સરદાર નગર, અમદાવાદ-૩૮૨૪૭૫.** ને નોટિસમાં જણાવેલ રકમ **રૂ. ૬,૧૬,૪૬૪.૧૦ (અંકે રૂપિયા છ લાખ સોળ હજાર ચારસો ચોસઠ અને દસ પૈસા પુરા)** આ નોટિસ મળ્યાની તારીખથી દિન ૬૦માં ભરી જવા જણાવેલ.
દેણદારો આ રકમ ચૂકવવામાં નિષ્ફળ રહેલ છે, જેથી દેણદાર અને જાહેર જનતાને આ નોટિસથી જણાવવામાં આવે છે કે નીચે સહી કરનારે સદર કાયદાના સેક્શન ૧૩(૪) સાથે સદર નિયમો પૈકી નિયમ ૮ સાથે વંચાણે લેતાં હેઠળ એને મળેલ સત્તાની રૂએ આ વર્ષ **૨૦૨૨ના ઓગસ્ટ ૭મી તારીખ** ના રોજ નીચે વર્ણવેલ મિલકતનો કબજો મેળવ્યો છે.
સિક્યોર્ડ અસ્ક્યામતો (સિક્યોરિટી મિલકતો) છોડાવવાની ઉપલબ્ધ સમયમર્યાદા અંગે કાયદાના સેક્શન ૧૩ (૮) તરફ દેણદાર/રોનું ધ્યાન દોરવામાં આવે છે.
દેણદારને વિશેષ રૂપે અને જાહેર જનતાને મિલકત સાથે વ્યવહાર ન કરવા ચેતવણી આપવામાં આવે છે અને સંપત્તિ સાથે કોઈ દેણદારને વિશેષ રૂપે તથા જાહેર જનતાને સામાન્ય રીતે સદરહુ મિલકત સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર ન કરવા માટે ચેતવણી આપવામાં આવે છે અને આવો કોઈ પણ વ્યવહાર થશે તો તે રકમ ફેડરલ બેંક લિ. ની લેણી થતી રકમ **૮,૮૭,૭૬૨.૧૦ (અંકે રૂપિયા આઠ લાખ સીત્યાસી હજાર સાતસો બાસઠ અને દસ પૈસા પુરા)** તા.૦૯-૦૮-૨૦૨૨ મુજબ વત્તા વ્યાજ અને તેની પરના કોસ્ટ અન્ય ચાર્જીસ સહિત થતી રકમના બેન્કના ચાર્જમાં ગણાશે.

**સ્થાવર મિલકતોનું વર્ણન**

યુનિટ નં.એ-૫૭, બ્લોક નં. એ, જેની માપણી ૧૮.૯૦ ચો. મી., કોમન રોડમાં અવિભાજીત વણવહેંચાયેલો હિસ્સો જેની માપણી ૮.૭૮ ચો.મી. સાથે સુમેલ બિઝનેસ પાર્ક-૨ તરીકે ઓળખાતી દિવાન બલ્લુભાઈ સ્કુલની સામે, કાંકરીયા ને લગતી તમામ ઉપાધિઓ સાથે, જે જમીન પર સ્થિત છે, તેના ફાઈનલ પ્લોટ નં. ૧૯૨,૧૯૩,૧૯૫ પૈકી અને ૧૯૪ જેના ટીપીએસ નં. ૨ ગામ રાજપુર-હાજીપુર, તા. મણીનદર, અને અમદાવાદ જિલ્લા, ગુજરાત. જેની ચતુઃસીમાઃ ઉત્તરે : પેસેજ, દક્ષિણ : ખુલ્લી જગ્યા, પૂર્વ :યુનિટ નં. ૫૮ અને પશ્ચિમ :યુનિટ નં. ૫૬

**તા. ૦૭/૦૮/૨૦૨૨**
**સ્થળ : અમદાવાદ.**

**ધી ફેડરલ બેંક લિ.**
**આસીસ્ટન્ટ વાઈસ પ્રેસિડેન્ટ**
(અધિકૃત અધિકારી સરફેસી એક્ટ, ૨૦૦૨ અંતર્ગત)



**Kiri Industries Limited**
*Future Full of Colours.....*
(**CIN** - L24231GJ1998PLC034094)
**Regd. Office:** 7th Floor, Hasubhai Chambers, Opp. Town Hall, Ellisbridge, Ahmedabad- 380006, **Phone No. (O)** 079-26574371/72/73, **(F)** 079-26574374, **Email:** info@kiriindustries.com
**website:** www.kiriindustries.com

**Extract of Statement of Consolidated Financial Results for the Quarter ended June 30, 2022**

(Rs. in Lakhs)

| Particulars | Quarter Ended | | Year Ended |
|---|---|---|---|
| | (30/06/2022) | (30/06/2021) | (31/03/2022) |
| | (Unaudited) | (Unaudited) | (Audited) |
| Total income from operations | 27,679.97 | 29,320.49 | 1,49,889.81 |
| Net Profit for the period (before tax, exceptional and/or extraordinary items) | (2,190.38) | 680.66 | 6,832.49 |
| Net Profit for the period before tax (after Exceptional and/or Extraordinary items) | (2,190.38) | 680.66 | 6,832.49 |
| Net Profit for the period after tax (after Exceptional and/or Extraordinary items) | (2,643.79) | 676.66 | 5,291.65 |
| Total Comprehensive Income for the period [Comprising Profit for the period (after tax) and Other Comprehensive Income (after tax)] | 5,350.36 | 9,056.23 | 38,844.02 |
| Paid up Equity Share Capital | 5,183.42 | 3,680.80 | 5,183.42 |
| Reserves (excluding Revaluation Reserve) as shown in the Audited Balance Sheet of the previous year. | - | - | 2,52,080.64 |
| Earnings Per Share (of Rs. 10/- each) (for continuing and discontinued operations) | | | |
| Basic: | 10.32 | 26.85 | 95.49 |
| Diluted: | 10.32 | 17.47 | 74.94 |

**Extract from the Standalone Financial Results for the Quarter ended June 30,2022**

(Rs. in Lakhs)

| Particulars | Quarter Ended | | Year Ended |
|---|---|---|---|
| | (30/06/2022) | (30/06/2021) | (31/03/2022) |
| | (Unaudited) | (Unaudited) | (Audited) |
| Total income from operations | 18,653.88 | 19,992.96 | 1,13,866.63 |
| Profit Before Tax | (2,890.51) | (1,510.56) | (1,495.58) |
| Net profit for the period after tax | (2,785.30) | (960.95) | (931.67) |

**Note:**
1. The above is an extract of the detailed Unaudited Quarterly Financial Results ("Results") filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full Financial Results are available on the website of Stock Exchanges (www.bseindia.com & www.nseindia.com) as well as on the Company's website (www.kiriindustries.com).
2. The Statutory Auditors of the company have carried out a "Limited Review" of the above results as per Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015.
3. The above Results were reviewed by the Audit Committee and thereafter approved by the Board of Directors at their meeting held on August 12, 2022.

By order of the Board of Directors
**For Kiri Industries Limited**
**Manish Kiri**
**Chairman & Managing Director**

Date : August 12, 2022
Place: Ahmedabad



ASTRAL®

**Astral Limited**
**(Formerly known as Astral Poly Technik Limited)**
**Regd. Office:** 207/1, Astral House, Off. S.G. Highway, Ahmedabad - 380 059 **CIN:** L25200GJ1996PLC029134
**Ph.** : 079 - 66212000 **Website:**www.astralpipes.com **E-mail:** info@astralpipes.com

**EXTRACT OF CONSOLIDATED UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED JUNE 30, 2022**

(₹ in Million, except as stated otherwise)

| Sr. No. | Particulars | 3 Months ended 30.06.2022 | 3 Months ended 31.03.2022 | Corresponding 3 Months ended 30.06.2021 | Year ended 31.03.2022 |
|---|---|---|---|---|---|
| 1 | Total income from operations | 12,129 | 13,906 | 7,008 | 43,940 |
| 2 | Net Profit for the Period (before Tax and extraordinary Items) | 1,254 | 1,933 | 985 | 6,485 |
| 3 | Net Profit for the Period before Tax (after extraordinary Items) | 1,254 | 1,933 | 985 | 6,485 |
| 4 | Net Profit for the Period after Tax (after extraordinary Items) | 938 | 1,441 | 751 | 4,904 |
| 5 | Total Comprehensive Income for the period (comprising profit for the period (after tax) and Other Comprehensive Income (after tax)) | 906 | 1,419 | 770 | 4,910 |
| 6 | Equity Share Capital (Face Value of Re. 1/- each) | 201 | 201 | 201 | 201 |
| 7 | Reserves (excluding revaluation reserve as shown in the Balance Sheet of previous year) | | | | 23,153 |
| 8 | Earnings Per Share (not annualised) (of Re. 1/- each) | | | | |
| | Basic (In Rs.) | 4.42 | 7.04 | 3.68 | 24.08 |
| | Diluted (In Rs.) | 4.42 | 7.04 | 3.68 | 24.08 |

**EXTRACT OF STANDALONE UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED JUNE 30, 2022**

(₹ in Million)

| Sr. No. | Particulars | 3 Months ended 30.06.2022 | 3 Months ended 31.03.2022 | Corresponding 3 Months ended 30.06.2021 | Year ended 31.03.2022 |
|---|---|---|---|---|---|
| 1 | Total income from operations | 8,998 | 11,094 | 5,178 | 34,433 |
| 2 | Profit before tax | 972 | 1,669 | 778 | 5,466 |
| 3 | Profit after tax (after Other Comprehensive Income) | 730 | 1,208 | 577 | 4,049 |
| 4 | EBIDTA | 1,386 | 2,002 | 1,069 | 6,624 |

**Notes:**
1 The above results have been reviewed by the Audit Committee and approved by the Board of directors in their meeting held on August 12, 2022 and reviewed by the Statutory Auditors.
2 The above is an extract of the detailed format of the Standalone and Consolidated Financial Results for the quarter ended June 30, 2022 filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing and Other Disclosure Requirements) Regulations, 2015. The full format of these Financial Results are available on the Stock Exchange websites, www.nseindia.com and www.bseindia.com and on the Company's website www.astralpipes.com.

Place : Ahmedabad
Date : August 12, 2022

For and on behalf of the Board
Sandeep P. Engineer
Chairman & Managing Director

ASTRAL®
Pipes | Adhesives | Water Tanks | Faucets
Sanitaryware | Paints